# દેવકરણના મુવાડા ખાતે મેલેરિયા-ડેન્ગ્યુની જાગૃતિ અંગે ક્વીઝ સ્પર્ધા યોજાઈ

## ક્વીઝ સ્પર્ધા દ્વારા મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વગેરે રોગો અંગે બાળકોમાં જાગૃતિ ફેલવવાનો નવતર પ્રયોગ : દેવકરણના મુવાડાની ત્રિલોકચંદ માધ્યમિક શાળા વિજેતા બની

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર જિલ્લાના દેવકરણના મુવાડા ગામ ખાતે આજે મેલેરિયા ડેન્ગ્યુ વિરોધી માસની ઉજવણીના ભાગરૂપે વિવિધ શાળાઓના બાળકો વચ્ચે એક ક્વીઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સ્પર્ધા દહેગામ તાલુકા હેલ્થ કચેરી દ્વારા આયોજિત કરાઈ હતી. જે દેવકરણના મુવાડાની ત્રિલોકચંદ માધ્યમિક શાળા ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધામાં કુલ પાંચ શાળાઓએ ભાગ લીધો હતો.

આ સ્પર્ધા દરમ્યાન જિલ્લા મેલેરિયા અધિકારી, જિલ્લા આઈઈસી અધિકારી, જિલ્લા ક્વોલીટી અધિકારી, જિલ્લા વિકાસ અધિકારી તેમજ તાલુકા આરોગ્ય અધિકારી વગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ ઉપરાંત આરસીએચઓ ડૉ. આર.વી. પંડ્યા પણ ઉપસ્થિત રહ્યા હતા. આ સ્પર્ધાનું સંચાલન દેવકરણના મુવાડાના તબીબી અધિકારી ડૉ. ધર્મેશ પરીખે કર્યુ હતુ. આ પ્રસંગે જિલ્લા મેલેરિયા અધિકારીએ વાહકજન્ય રોગો અંગે પ્રાથમિક માહિતી આપી હતી. અને જિલ્લા વિકાસ અધિકારી ક્વીઝના માધ્યમથી બાળકોમાં મેલેરિયા, ડેન્ગ્યુ, ચિકનગુનિયા વગેરે રોગો અંગે જાગૃતિ લાવવાના નવા પ્રયોગોને બિરદાવ્યો હતો. આ કાર્યક્રમમાં મહેમાનોનું સ્વાગત ફૂલથી નહિ પરંતુ ફળથી કરવામાં આવ્યું હતું અને બે આંગણવાડીના બાળકોને ફળ આપવામાં આવ્યા હતા.





આ ક્વીઝ સ્પર્ધામાં એક તબક્કે 'ટાઈ' પણ પેદા થઈ હતી અને અંતે રોમાચંક રસાકસી બાદ દેવકરણના મુવાડાની ત્રિલોકચંદ માધ્યમિક સ્કૂલ પ્રથમ ક્રમે વિજેતા બની હતી. જ્યારે દ્વિતિય ક્રમે પાવઠીની અમર ભારતી ઉચ્ચત્તર ઉત્તર બુનિયાદી માધ્યમિક શાળા આવી હતી. તૃતીય ક્રમે પાલુન્દ્રાની શ્રી નંદનવન વિદ્યાલય રહી હતી જયારે અન્ય બે શાળાઓમાં બારીયાની શ્રી શારદા વિદ્યાલય અને હરખજીના મુવાડાની શ્રી સર્વોદય વિદ્યાલયનો સમાવેશ થાય છે. જેમને આશ્વાસન ઈનામ મળ્યા હતા.

# ચિલોડા નજીક મહાદેવપુરા પાસે કચરાના ઢગલામાંથી લોડેડ તમંચો મળ્યો

## બિનવારસી હથિયાર સફાઈ કામદારને મળ્યું ને રમકડું સમજીને ચેક કર્યું તો ભડાકો થઈ ગયો : કંટ્રોલમાં જાણ થતા જિલ્લા પોલીસ દોડતી થઈ ગઈ

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર- હિંમતનગર હાઈવે પર મહાદેવપુરા ગામના પાટિયા પાસે કચરાના ઢગલામાં કામદાર યુવાન કચરાના ઢગલામાં પ્લાસ્ટિક વીણી રહ્યો હતો તે દરમિયાન તેને એક અલગ જ દેખાવનો દેશી તમંચો મળી આવ્યો હતો. રવિ અને તેના મિત્રો



(તસવીર : નટુભાઈ પટેલ, ચિલોડા)

પ્લાસ્ટિક વીણી રહેલા એક સફાઈ કામ કરી રહેલા યુવાનને ગઈ મોડી સાંજે દેશી તમંચો મળી આવ્યો હતો. હવે તો ગાંધીનગરમાંથી બિનવારસી હાલતમાં હથિયારો પણ મળવા લાગતા બિહાર રાજયની અનુભૂતિ રાજયના પાટનગરવાસીઓ કરી રહ્યા છે. સફાઈકામદાર તથા તેના મિત્રો રમકડું સમજીને ચેક કરતા હતા ને અચાનક ભડાકો થતા ખ્યાલ આવ્યો કે આ તો જીવતા કારતુસ ભરેલો દેશી બનાવટનો તમંચો છે. કંટ્રોલને આ બાબતની જાણ કરતા ગાંધીનગર એલ.સી.બી અને એસ.ઓ.જી સહીત ચિલોડા પોલીસ પણ દોડતી થઈ ગઈ હતી. ચિલોડા પોલીસે આર્મ્સ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી બિનવારસી તમંચો કબજે લઈ તપાસ શરુ કરી છે.

હિંમતનગર હાઈવે પર આવેલા મહાદેવપુરા વિસ્તારમાં ગઈ સાંજે રાજુ રાવળ નામનો એક સફાઈ આ રમકડું સમજીને તે ચેક કરી રહ્યા હતા તેટલામાં ત્રીગલ દબાઈ જતા ધડાકા સાથે ફાયર થઈ ગયું હતું. ફફડી ગયેલા ત્રણેય કામદાર મિત્રો જીવ થી બચ્યા હતા. પોલીસ કંટ્રોલમાં તમંચો મળ્યા અંગે જાણ કરતા મોડી સાંજે એલસીબી અને એસઓજીના અધિકારીઓ ટીમ સાથે પહોંચી ગયા હતા. બિનવારસી મળી આવેલો તમંચો લોડેડ હતો. તમંચામાં જીવતા કારતુસ ભરેલા હતા. પોલીસે તમંચો અને કારતુસ કબજે લઈ આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ શરુ કરી છે. આ હથિયાર અહી કોણ ફેંકી ગયું? કોઈ ગુનામાં આ હથિયારનો ઉપયોગ કર્યા બાદ ગુનેગાર હથિયાર ફેંકી ગયો કે અહી ગુનો કરતા પહેલા હ હથિયાર પડી ગયું હતુ તે સહિતની તપાસ ચિલોડા પી.આઈ આર.જી.ભાવસાર ચલાવી રહ્યા છે.

વડીલોને વંદન
અભિનંદન



અજીતભાઈ આર મકવાણા
(૧૯૪૫)મો.૯૭૩૭૪૫૫૮૯૬

## NEWS બિટ્સ

### કમલા બેનીવાલ ગવર્નર પદેથી રાજીનામું નહીં આપે

કેન્દ્રમાં સત્તા પરિવર્તન થવાથી સમગ્ર દેશમાં યુપીએ સરકાર દ્વારા નિયુક્ત કરવામાં આવેલા ગર્વનરો રાજીનામા ધરવા માંડયા છે. પણ ગુજરાતના રાજયપાલ કમલા બેનીવાલ હાલમાં તેમનું રાજીનામું ધરવાના મુડમાં નથી. ડૉ. કમલા બેનીવાલ વળતી લડતના મુડમાં છે. ગુજરાત રાજભવનના સૂત્રોએ આ વાતની પુષ્ટિ કરતા જણાવ્યું છે કે ડૉ. કમલા તેમની રાજયપાલ તરીકેની મુદત પુરી કરવા માટે મકકમ છે.

### સિગારેટના છુટક વેચાણ પર પ્રતિબંધ મુકાશે

દેશભરમાં સિગારેટના છુટક વેચાણ પર પ્રતિબંધ મુકવાની તૈયારીઓથી રહી છે. કેન્દ્રિય આરોગ્ય મંત્રાલયે આ અંગેનો ડ્રાફટ તૈયાર કરી લીધો છે. કાનૂની રીતે અમલમાં મુકવાની પ્રક્રિયા કઈ રીતે કરવી તેના પર માર્ગદર્શન મંગાયું છે. જે મુજબ કોઈ પણ વેપારી છૂટક એટલે એક કે બે સીગારેટ વેચી શકશે નહીં. સિગારેટ ફકત પેકેટમાં વેચવાની રહેશે.

### કોંગ્રેસની બેઠકમાં અમિત શાહના ભરપેટ વખાણ

લોકસભાની ચુંટણીની પરાજયની સમીક્ષાને લઈને રચવામાં આવેલી એન્ટની સમિતિ સમક્ષ પ્રદેશ કોંગ્રેસના નેતાઓએ ભાજપના યુપીના પ્રભારી અમિત શાહના ભરપેટ વખાણ કર્યા હતા. તો કોંગ્રેસના પ્રભારી મધુસુદન મિસ્ત્રીની જોરદાર ટીકા કરવામાં આવી હતી. આ બેઠકમાં એન્ટનીએ તો અનેક નેતાઓને એવું પણ પુછયું હતું કે યુપીમાં ભાજપ અને તેમના સાથી પક્ષોએ ૭૩ બેઠકો કઈ રીતે મળે તે સમજાતું નથી.

# સ્માર્ટ કલાસના માટે સાંસદો પોતાના ક્ષેત્રમાં ગ્રાન્ટ ફાળવશે

## ભાજપના પ્રદેશ પ્રમુખ આરસી ફળદુના અધ્યક્ષ સ્થાને મળેલી ભાજપના સાંસદોની બેઠકમાં લેવાયેલો નિર્ણય

ગાંધીનગર, તા.૦૩

ભાજપના પ્રદેશ આરસી ફળદુની અધ્યક્ષતામાં પ્રદેશના ભારતીય જનતા પાર્ટીના લોકસભા અને રાજયસભાના સંસદસભ્યો તેમજ પ્રદેશના મુખ્ય હોદ્દેદારોની આજે એક સંયુક્ત બેઠક યોજાઈ હતી.

પ્રદેશ પ્રવક્તા આઈકે જાડેજાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં મતદારોએ ભાજપાને લોકસભાની તમામ ૨૬ બેઠકોમાં વિજય અપાવ્યો છે, તેમજ નરેન્દ્ર મોદી વડાપ્રધાન તરીકે જવાબદારી સંભાળી રહ્યા છે ત્યારે ગુજરાતના સાંસદો વિકાસમાં પૂરક બનીને પાર્ટી અને સરકાર સાથેનું સંકલન મજબુત બનાવે તે અંગે માર્ગદર્શન આફવામાં આવ્યું હતું. આજની બેઠકમાં પ્રદેશ અધ્યક્ષ આરસી ફળદુ, કિસાન મોરચાના રાષ્ટ્રીય પ્રભારી પરશોત્તમ રૂપાલા તેમજ પ્રદેશ સંગઠન મહામંત્રી ભીખુભાઈ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. સંસદસભ્યો દ્વારા પોતાના મતવિસ્તારોના પ્રવાસ, સંપર્ક, સંગઠન સાથેનું સંકલન તથા પ્રદેશ ભાજપના સંગઠન અને રાજય સરકાર સાથે સંકલન સાધીને જનહિતાર્થે સંસદસભ્યો કાર્ય કરે તેવું નેતૃત્વ દ્વારા સૂચન કરાયું હતું. આજની બેઠકમાં સંસદસભ્યો જૂનાગઢ મહાનગરપાલિકાની ચૂંટણીઓ તેમજ આગામી રાજ્યની વિધાનસભા અને લોકસભાની પેટા ચૂંટણી માટે પણ સક્રીય બને તે અંગે તાકીદ કરવામાં આવી હતી.

રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલ દ્વારા રાજયમાં શિક્ષણને વધુ સઘન અને આધુનિક બનાવવા સ્માર્ટ કલાસ માટે સંસદસભ્યો પોતાના ક્ષેત્રમાં સક્રિય બને તેવા તેમના સુચનને આજની બેઠકમાં આવકારીને બધા જ સંસદસભ્યો તે અંગે પોતાના ક્ષેત્રમાં ગ્રાન્ટ ફાળવશે તેઓ પણ નિર્ણય કરાયેલ છે.

## અંબાજી દેવસ્થાનના વિકાસ માટે રૂ. ૭૨ કરોડ મંજૂર

ગાંધીનગર, તા. ૩

બનાસકાંઠા જિલ્લામાં આવેલા શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાનના વિકાસ માટે કુલ રૂ. ૭૮,૭૦,૦૦૦ની દરખાસ્તો મળી હતી. રૂ. ૭૨,૨૧,૨૭,૦૦૦ની દરખાસ્તો મંજૂર કરવામાં આવી છે. બાકીની રૂ. ૬,૫૭,૪૯,૦૦૦ ની દરખાસ્તો વિચારણા હેઠળ છે. આજે વિધાનસભા ગૃહમાં ધાનેરાના ધારાસભ્ય જોઈતાભાઈ પટેલના પ્રશ્નનો ઉત્તર આપતા રાજ્યકક્ષાના યાત્રાધામ વિકાસ મંત્રી શ્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતું.

મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટ તરફથી અંબાજી દ્વારા ગબ્બર ટોચ વિસ્તૃતિકરણ, ચોકની નીચે દુકાનો, આરસ ફલોરિંગ, લાઈટ વ્યવસ્થા માટે પિત્તળની રેલીંગ, ભેટ પ્રસાદ કેન્દ્ર, પાણીની સુવિધાનું સંકુલ, એકાવન શક્તિપીઠ, પરિક્રમા પથ વિકાસ, એકાવન શક્તિપીઠ પ્રાણ પ્રતિષ્ઠા અને લોકાર્પણ, ગબ્બર પહાડ ચડવા માટે બે પથ્થરો વચ્ચે લોખંડની સીડી પીપીપી મોડેલ થકી પ્રદર્શન ગેલેરી ઉડી મુવી શો, હિલીયમ બલુન સ્પોર્ટસ એક્ટીવીટી જેવી નવીન સુવિધાઓ વિકસાવવામાં આવશે.

## ચિલોડા પાસે લાયસન્સ વગર ધમધમતી હોટલ પર એસ.ઓ.જી.નો દરોડો

ગાંધીનગર, તા. ૩

ગાંધીનગર- હિંમતનગર હાઈવે પર ચિલોડા સર્કલથી થોડે દુર આવેલી અર્બુદા હોટલ ધારા ધોરણ મુજબનું લાયસન્સ મેળવ્યા વિના જ ચાલતી હોવાની માહિતીને આધારે ગાંધીનગર એસ.ઓ.જી ની ટીમે દરોડો પાડી આકસ્મિક ચેકિંગ હાથ ધર્યુહતું.તપાસ કરતા લાયસન્સ વગર જ હોટલ ચાલતી હોવાનું ખુલતા હોટલ માલીક સામે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી એસ.ઓ.જી ની ટીમે હાથ ધરી છે.

ગાંધીનગર એસ.ઓ.જી પી.આઈ જે.ડી.બ્રહ્મભટ્ટ ની સુચનાથી તેમની ટીમ લાયસન્સ વિના ચાલતી હોટલો પર ચેકિંગ કરી રહી છે. તેમની ટીમને માહિતી મળી હતી કે ચિલોડા સર્કલ નજીક આવેલી અર્બુદા હોટલ પરવાના વિના જ ધમધમી રહી છે. જેને આધારે એસ.ઓ.જી ની ટીમે દરોડો પાડ્યો હતો. હોટલમાં તપાસ કરતા લાયસન્સ વગર જ ચાલતી હોવાનું સ્પષ્ટ થયું હતું. જેને આધારે છાલા ગામમાં રહેતા હોટલના માલિક દશરથભાઈ પીઠુંભાઈ ચૌધરી સામે જીલ્લા કલેકટરના જાહેરનામાંના ભંગ બદલ ગુનો દાખલ કરી ચિલોડા પોલીસ સ્ટેશનમાં ધોરણસરની કાર્યવાહી કરવામાં આવી છે. આગામી દિવસોમાં પણ આ -કારની લાયસન્સ વગર ધમધમતી હોટલો પર એસ.ઓ.જી આકસ્મિક ચેકિંગ કરી કડક કાર્યવાહી કરશે.

# પાલનપુરથી ગાંધીનગર આવતા સ્ટુડન્ટ્સને ટ્રેનના અભાવે હાલાકી

## રોજ ૭૦ જેટલા વિદ્યાર્થીઓ અપડાઉન કરે છે : અમદાવાદ આબુ રોડની મેમુને વાયા ગાંધીનગર દોડાવવા રજૂઆત

ગાંધીનગર, તા. ૩

પાલનપુરથી ગાંધીનગર સાયન્સ કોલેજમાં અભ્યાસ અર્થે આવતા ૭૦ જેટલા વિદ્યાર્થીઓને યોગ્ય ટ્રેઈન સુવિધાના અભાવે પારાવાર હાલાકી ભોગવવી પડે છે. વિદ્યાર્થીઓ દ્વારા અમદાવાદ-આબુ રોડ તરફ જતી મેમુ ટ્રેઈનને વાયા ગાંધીનગર દોડાવવા રેલવે વિભાગને રજૂઆત કરવામાં આવી છે. હાલ આ વિદ્યાર્થીઓએ ખોડીયાર જંકશન ઉતરીને કોલેજ સુધી પહોચવુ પડે છે.

કેપીટલ સ્ટેશનના વિકાસ માટે અનેકવાર રેલવે વિભાગને રજૂઆતો કરવામાં આવી છે. જ્યારે શહેર વસાહત મહામંડળ દ્વારા અત્યાર સુધી ૮ હજાર જેટલા પત્રો લખી રેલવે સ્ટેશનના વિકાસ માટે પ્રયત્નો હાથ ધરાયા છે. આમ છતાં વર્ષોથી કેપીટલ સ્ટેશનને ન્યાય ન મળતા પાટનગર પાટનગર સ્ટેશનનો વિકાસ થઈ શકતો નથી. આ ઉપરાંત કેપીટલ સ્ટેશનને વધુ ટ્રેઈનો ફાળવવાના મામલે પણ પરિણામ મળ્યું નથી. આવા સંજોગોમાં પર્યાવરણ ટ્રેઈનો તેમજ મુસાફરલક્ષી સુવિધાઓના અભાવે યાત્રિકોને ડગલે ને પગલે હાલાકી ભોગવવી પડે છે. બીજીતરફ વિદ્યાર્થીઓએ પણ મુશ્કેલી વેઠવી પડે છે. પાલનપુરથી ગાંધીનગર કોલેજમાં અભ્યાસ અર્થે આવતા ૭૦ જેટલા વિદ્યાર્થીઓ પણ કેપીટલ સ્ટેશનને નવી ટ્રેઈનો ફાળવવામાં આવે તેવી પ્રબળ માંગ કરી રહ્યા છે. આ વિદ્યાર્થીઓ હાલ પાલનપુરથી ખોડીયાર જંકશન જતી ટ્રેઈન મારફતે આવે છે. જ્યાંથી કોલેજ પહોંચે છે. જ્યારે કોલેજથી પાછા ફરતા હરિદ્વાર મેઈલ કે સાંજે ગરીબરથમાં ઘરે જાય છે. પરંતુ જગ્યાના અભાવે તેમાં પણ ઘણીવાર લટકતા જવું પડે છે. આવા સંજોગોમાં અમદાવાદથી આબુ રોડ જતી મેમુ ટ્રેઈનને વાયા ગાંધીનગર દોડાવવા પણ રેલવે વિભાગને રજૂઆત કરવામાં આવી છે.

## બજેટમાં ઉત્તર ગુજરાતની નહેરના નિર્માણ અને જળાશયો ભરવા વિશેષ જોગવાઈ

પાલનપુર, તા. ૩

મુખ્યમંત્રી આનંદીબેન પટેલ સરકારના પ્રથમ બજેટને નાણામંત્રી સૌરભભાઈ પટેલે વિધાનસભામાં રજુ કર્યુહતુ. બજેટમાં મહિલા સશક્તીકરણ, યુવાનોને રોજગારી, કૃષિ વિકાસને આગળ ધપાવતુ અને રાજ્યની વિકાસ યાત્રામાં પ્રાણ ફુંકાય તેના પર વિશેષ ભાર મુકવામાં આવ્યો છે. બજેટમાં નર્મદા યોજનાની નહેરોની કામગીરી પૂર્ણ કરવા ૯૦૦૦ કરોડની માતબર રકમની જોગવાઈ કરવામાં આવી છે. તેમાં પણ ઉત્તર ગુજરાત અને કચ્છના નર્મદાના કામો માટે અનુક્રમે ૧૪૨૨ કરોડ અને ૧૧૩૮ કરોડની જોગવાઈ કરાતા ઉત્તર ગુજરાતના ખેડૂતો માટે ખૂબ ઉપયોગી સાબિત થયેલી સુજલામ સુફલામ યોજના અંતર્ગત અનેક નવી સિંચાઈની સુવિધાઓ ખેડૂતો માટે ઉપલબ્ધ થશે. બજેટમાં દાંતીવાડા સીપુ જળાશય ભરવા પાઈપલાઈનના કામો માટે ૧૨ કરોડ રૂપિયા ફાળવાયા હોઈ દાંતીવાડા સીપુ ડેમને નર્મદાના નીરથી ભરવાની ખેડૂતોની માંગણીનો ઉકેલ મળેલ છે. મંત્રી શંકરભાઈ ચૌધરીએ મુખ્યમંત્રી આનંદીબેન પટેલ અને નાણામંત્રી સૌરભભાઈ પટેલને ઉત્તર ગુજરાતના ખેડૂતો વતી અભિનંદન પાઠવી આભાર વ્યક્ત કર્યો છે.

### બેઠક વ્યવસ્થા...

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જુના વૃક્ષોને પણ યથાવત રાખવાનો નિર્ણય લેવાયો છે. ફેઝ-૩ ની કાર્ય યોજના અન્વયે વિવિધ -કારના પ્લાઝા, ભવ્ય એન્ટ્રન્સ તેમજ વોટર બોડી સહિતના આકર્ષણો ઉભા કરવામાં આવનાર છે. સુત્રોમાંથી -ãz થતી માહિતી અનુસાર સ્વર્ણિમ પાર્કના વિસ્તારમાં સ્થિત આંબેડકર સ્ટેચ્યુ પાસે ૨૩૦૦ સ્કે.મી જગ્યામાં વોટર બોડીનું નિર્માણ કરવામાં આવશે. જેમાં ફુવારા અને લાઈટીંગ પણ ગોઠવાશે. આ ઉપરાંત વોટર બોડી ફરતે આઉટર બાઉન્ડ્રી પર સહેલાણીઓ બેસી શકે તેવી બેઠક વ્યવસ્થા પણ ઉભી કરવામાં આવશે. વધુમાં સ્વર્ણિમ પાર્કમાં બે અર્થ માઉન્ટ અલબત્ત સ્લોપીંગ ગાર્ડન બનાવવાનું કામ પણ શરુ કરી દેવાયું છે. ફેઝ-૩ ની કામગીરી આગામી વાયબ્રન્ટ મહોત્સવ પૂર્વે પૂર્ણ કરી દેવામાં આવશે.

### સોલાર ઉર્જાનું ઉત્પાદન

● અનુસંધાન પહેલાનું ચાલુ

ગાંધીનગર શહેરને સોલાર સીટી તરીકે જોવાનું પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીએ ગાંધીનગરના સ્થાપના દિને સ્વપ્ર સેવી તેની જાહેરાત કરી હતી.

આ પછી ગાંધીનગર થર્મલ પાવર સ્ટેશન નજીક એક મે.વો. વીજ ક્ષમતાનો પાવર પ્લાન્ટ ઉભો કરાયો હતો. ત્યારબાદ પી.ડી.પી.યુ. નજીક પણ એક મે.વો. વીજ ક્ષમતાનો પાવરપ્લાન્ટ સ્થાપિત કરાયો હતો.

ગાંધીનગરમાં મળેલા સારા પ્રતિસાદ પછી સરકારે ગત બજેટમાં રાજ્યના પાંચ શહેરોમાં પણ રૂફટોપ પોલીસી અંતર્ગત સોલાર વીજ ઉત્પાદન શરૂ કરવાની કવાયત હાથ ધરી છે.

ગાંધીનગર શહેરમાં ૪૫ મે.વો. સોલાર વીજ ઉત્પાદન થઈ શકે છે તેવું તારણ રાજ્ય સરકારે કરાવેલા અભ્યાસમાં બહાર આવ્યું હતુ. જો કે આ પ્રોજેક્ટના અમલીકરણમાં હવે રૂકાવટો આવી છે તે વાતનો સ્વીકાર તંત્રના અધિકારીઓ ખાનગીમાં કરી રહ્યા છે. ગાંધીનગર શહેરમાં સોલાર પાવર પ્રોજેક્ટમાં પુનઃ ગતિ આવે તે માટેના પ્રયાસો હવે આવી રહેલા પાટનગરના જન્મ દિવસથી સક્રિય થશે તેમ મનાઈ રહ્યું છે.

### અસહ્ય બફારો...

● અનુસંધાન પહેલાનું ચાલુ

પસાર થઈ ગયો છે અને જુલાઈ માસનું પહેલુ અઠવાડિયું પણ અડધું તો પુરૂ થઈ ગયું હજુ સુધી મેઘરાજાએ દર્શન તો ઠીક પણ ગડગડાટ પણ કર્યો નથી તેથી નગરજનો સહિત ધરતીપુત્રો પણ ચિંતાતુર બન્યા છે. વાતાવરણમાં બફારાનો અનુભવ ભલે અકળામણો હોય પણ તેની પાછળ મેઘમહેરની આશા છુપાયેલી હોવાથી આ બફારો નગરજનોને વ્હાલો લાગી રહ્યો છે. હવે નજીકના દિવસોમાં ચોમાસુ આવશે તેવી આશા ગાંધીનગરના રહેવાસીઓ રાખી રહ્યા છે. પરંતુ આકાશમાં ઘનઘોર વાદળોની ગેરહાજરી નગરજનોને ચિંતા કરાવી રહી છે.

### વેલકમ રવિશંકર...

● અનુસંધાન પહેલાનું ચાલુ

હોદ્દાનો ચાર્જ સંભાળે તેવી શકયતાઓ છે.

ગાંધીનગર જિલ્લા કલેકટર તરીકે શ્રી સ્વરૂપે મહત્વનું યોગદાન આપ્યું છે. તેમણે વિધાનસભા અને લોકસભાની ચૂંટણીનું સફળ સંચાલન પણ કર્યુ હતું. તેમના કાર્યકાળ દરમિયાન ગાંધીનગર ફૂડકોર્ટની ફાળવણી, ગાંધીનગર કલેકટર કચેરીમાં એન.એ.ની મંજૂરીના તત્કાલ નિકાલ માટેના લોકદરબાર, આ ઉપરાંત વિદ્યાર્થીઓને જ્ઞાતિના પ્રમાણપત્રો સ્કુલ પર જ મળી જાય તે માટેના વિશેષ કેમ્પોનું આયોજન કરાયું હતું. આ ઉપરાંત એ.ટી.વી.ટી. અંતર્ગત તંત્રના અધિકારીઓ ગામે ગામ જઈ પાંચ જેટલી જનસેવા કેન્દ્રની સેવાઓ સીધી આપવાના સફળ પ્રયોગનો સમાવેશ થાય છે.

તેમણે દસ્તાવેજોની કામગીરીનું વિડીયો રેકોર્ડીંગ પણ કરાવવાનો પ્રારંભ કર્યો હતો. ડૉ. સ્વરૂપના આ કાર્યકાળ દરમિયાન ૪૫ હજારથી પણ વધુ ફાઈલોના વર્ગીકરણની કામગીરી પણ પૂર્ણ કરવામાં આવી છે.

## કંપની સમાચાર

### સીએ વ્યવસાય ઉજવે છે વ્યવસાયિક શ્રેષ્ઠતાના ૬૫ વર્ષ

ઈન્સ્ટિટ્યુટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા તા. ૧ જુલાઈનાં રોજ દેશભરમાં સીએ ડે ની ઉજવણી કરવામાં આવી છે. આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચ દ્વારા આજે વ્યવસાયિક શ્રેષ્ઠતાના ૬૫ વર્ષની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. ભારતીય એકાઉન્ટસી વ્યવસાયમાં સ્વતંત્રતા અને ઈન્ટીગ્રીટી સાથેની ટેકનિકલ નિપૂણમાં હોલમાર્ક રહ્યા છે. તા. ૧ જુલાઈ, ૧૯૪૯ નાં રોજ સંસદનાં ખરડા દ્વારા આઈસીએઆઈની સ્થાપના કરવામાં આવી હતી.

અમદાવાદ શાખા દ્વારા આજે શહેરમાં ચાર્ટર્ડ એકાઉન્ટન્સ ડેની ઉજવણી કરવામાં આવી હતી. સીએડેની ઉજવણીનાં ભાગરૂપે આજે વસ્ત્રાપુર અંધજન મંડળ, આઈઆઈએમ-એ પાસેથી સાયકલ રેલીનો આરંભ કરવામાં આવ્યો હતો. માયબાયકેનાં સહયોગમાં આઈસીએઆઈની અમદાવાદ બ્રાન્ચ દ્વારા યોજાયેલી આ રેલીમાં મોટી સંખ્યામાં ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો જોડાયા હતાં. આ રેલીએ સાયકલ પ્રવાસ દરમિયાન શહેરના પશ્ચિમ વિસ્તારોની વિવિધ શાળાઓ અને કોલેજોને આવરી લીધા હતા. આ સાયકલ રેલીમાં સાયકલીંગથી સ્વાસ્થ્યનાં ફાયદાઓ અને પ્રદૂષણ નિયંત્રણનો સંદેશો પ્રસરાવવામાં આવ્યો હતો. આઈજીપી કે કે ઓઝા દ્વારા આ રેલીને લીલી ઝંડી આપવામાં આવી હતી.

સામાજિક પ્રતિબદ્ધતા અને રાષ્ટ્રનિર્માણમાં સહભાગીપણાની ભાવના સાથે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટો, સીએ કરી રહેલા વિદ્યાર્થીઓએ આઈસીએઆઈની અમદાવાદ શાખામાં યોજાયેલા મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ મેગા બ્લડ ડોનેશન કેમ્પમાં ૨૦૦ યુનિટથી પણ વધુ રકમ એકત્ર કરવામાં આવ્યું હતું.

## શબ્દાવલી - ૫૪૩૬

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ |
| ૬ | | ■ | ૭ | ૮ | | ■ | |
| | ■ | ૯ | | | | ■ | |
| | ■ | ૧૦ | | | ■ | ૧૧ | |
| ■ | ૧૨ | | | ■ | ૧૩ | | ■ |
| ૧૪ | | | ■ | ૧૫ | | | |
| ૧૬ | | ■ | ૧૭ | | ■ | | ■ |
| ૧૮ | | | ■ | ૧૯ | | | |

### આડી ચાવી

૧. બારી, હવાની અવરજવર માટે રખાતું બારૂં (૪)
૪. આલિંગન, છાતી સાથે ચાંપવું (૩)
૬. કૂળ, ઓલાદ (૨)
૭. પીડા, અંતરમાં ટીસ ઉઠવી (૩)
૯. યંત્ર, સામગ્રી (૪)
૧૦. કામ સહિત (૩)
૧૧. ઘા, વાગ્યું હોય તે (૨)
૧૨. દુનિયા (૩)
૧૩. અભિમાન, ગુરૂર, પ્રાઉડ(૨)
૧૪. વેચાણ, ઉપાડ (૩)
૧૫. તખતો, સ્ટેજ (૪)
૧૬. સંઘરૂ, સ્વીકારૂ (૨)
૧૭. મોહ, માયા, આશક્તિ(૨)
૧૮. પારકા પર આધાર રાખનાર ઘોડાની એક જાત (૩)
૧૯. તરલપણું, તરલત્વ (૪)

### ઊભી ચાવી

૧. પવન સાથે તોફાન (૪)
૨. પત્તા, ગંજીફા (૨)
૩. સુંદર, કોતરણીકામ (૫)
૪. કઠીન અઘરી (૩)
૫. છ ખૂણાવાળી આકૃતિ(૪)
૮. પિયુ, સાજન (૩)
૯. વિચાર વિમર્શ (૪)
૧૧. વ્રજ ભૂમિ (૫)
૧૨. સર્વસત્તા આધીન વર્તનાર (૪)
૧૩. સાપ, સર્પ (૨)
૧૪. પાણીથી ઢંકાયેલો ખડક(૩)
૧૫. રોનક, રંગની છટા (૩)

### શબ્દાવલી ૫૪૩૫ના જવાબ

**આડી ચાવી :-** (૧) ડેકોરેશન (૫) લાશ (૭) ઇડલી (૮) બીસમાર (૧૦) લીલી (૧૧) ખેરાત (૧૨) વપાર (૧૪) ઓરતા (૧૫) સરસ (૧૭) ઓલવવા (૧૯) લાખુ (૨૧) જૂઇ (૨૨) તરફડાટ (૨૪) દાલચીની

**ઊભી ચાવી :-** (૧) ડેઇલી (૨) કોડલીવર ઓઇલ (૩) રેલી (૪) નબીરા (૫) લામા (૬) શરમાળ (૯) સતકાર (૧૧) ખેર (૧૩) પાતાળ ૯૧૫) સવાર (૧૬) સલાહ (૧૮) વતની (૨૦) ખુટલ (૨૧) જુદ્ર (૨૩) ફર્ક

**નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ**
**ઓન લાઈન જાહેર નિવિદા નં.૩ સને ૨૦૧૪-૧૫**

| | | |
|---|---|---|
| ૧. | કામનું નામ | હાથમતી મુખ્ય નહેર કન્ઝોનની સાં. ૧૯૯૫૦મા ઉપર નવીન વી.આર.બી. બાંધવાનું કામ (ડિપોઝીટ વર્ક) |
| ૨. | અંદાજીત રકમ રૂ. લાખમાં | રૂ. ૧૮.૧૮ લાખ |
| ૩. | ટેન્ડર સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય (ઓનલાઈન) | તા. ૧૦/૭/૧૪ સમય : ૧૮.૦૦ કલાક સુધી |
| ૪. | કચેરીનું સરનામું | ૧. અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, હિંમતનગર સિંચાઈ યોજના વર્તુળ, સિંચાઈ ભવન, દુર્ગા સાઈટ, હિંમતનગર-૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૦૭૭૧) ૨. કાર્યપાલક ઈજનેરશ્રીની કચેરી, હિંમતનગર સિંચાઈ વિભાગ, હડિયોલપુર છાપરીયા, હિંમતનગર-૩૮૩૦૦૧ (ફોન નં. ૦૨૭૭૨-૨૪૨૭૧૦) |

વધુ જાણકારી માટે www.statetenders.coom અને www.nprocure.comનો સંપર્ક કરવો.
ક્રમાંક ના.મા.નિ. /હિંમત/૧૦૭/૨૦૧૪